

**Cadaver Organ Donor Kashiben Vallabhbhai Lakkad**

# राजपूत महिला ने किया अंगदान

## अहमदाबाद और सूरत निवासी दो जनों को मिला नया जीवन



सूरत @ पत्रिका. वराछा हीराबाग के सामने विशाल सोसायटी निवासी राजपूत समाज की महिला के ब्रेन डेड घोषित होने के बाद परिजनों ने किडनी व लीवर का दान कर दो जनों को नया जीवन दिया है। जबकि चक्षुओं का दान लोकदृष्टि चक्षुबैंक ने स्वीकार किया।

वराछा हीराबाग के सामने विशाल सोसायटी घर संख्या 552 निवासी काशीबेन वल्लभ लक्कड़ (57) की तीन जून को सुबह चार बजे तबीयत खराब हुई थी। परिजन उनको सुबह पांच बजे पीपी सवाणी हार्ट इंस्टीट्यूट लेकर पहुंचे। डॉ. निजित भीमाणी ने उनका उपचार शुरू किया। एमआरआई के दौरान दिमाग में रक्त की गांठ होने की पुष्टि हुई। छह जून को न्यूरोफिजीशियन डॉ. परेश मागुकिया और डॉ. परेश झांझरिया ने काशीबेन को ब्रेन डेड घोषित कर दिया। पीपी सवाणी अस्पताल के आरएमओ डॉ. विशाल इटालिया ने डोनेट लाइफ प्रमुख नीलेश मांडलेवाला से सम्पर्क किया। उन्होंने अस्पताल आकर परिजनों को अंगदान के बारे में समझाया। सहमति मिलने के बाद मांडलेवाला ने अहमदाबाद के आईकेडीआरसी के ट्रांसप्लांट कोऑर्डिनेटर प्रिया शाह और डॉ. प्रांजल मोदी से सम्पर्क किया। आईकेडीआरसी के डॉ. विकास पटेल तथा उनकी टीम ने दो किडनी व लीवर का दान स्वीकार किया। इसमें से एक किडनी अहमदाबाद ओढव निवासी विशालसिंह सेंगर (45) और लीवर सूरत निवासी कमलेश पवन शेख (44) में ट्रांसप्लांट की गई। जबकि आंख का दान डॉ. प्रफुल शिरोया ने स्वीकार किया।

उल्लेखनीय है कि, अब तक डोनेट लाइफ ने 157 किडनी, 55 लीवर, तीन पैन्क्रियाज, 5 हृदय और 124 चक्षुओं का दान लेकर 354 लोगों को नया जीवन दिया है।



# महिला के अंगदान से चार लोगों को मिली नई जिंदगी

**वीओटी संवाददाता**
**सूरत, 8 जून**

वराछा क्षेत्र निवासी एक ब्रेनडेड अधेड़ महिला की किडनी, लीवर और चक्षुओं सहित अंगदान से चार लोगों को नई जिंदगी मिली।

सूत्रों के मुताबिक वराछा हीरा बाग स्थित विशाल सोसायटी निवासी काशीबेन वल्लभ लक्कड़ (57 वर्ष) को गत 3 जून को सुबह तड़के चक्कर और वोमिटिंग होने पर पी.पी. सवाणी अस्पताल में भर्ती किया गया था। तथा 6 जून को उन्हें ब्रेनडेड घोषित किया गया था। इस बारे में पी.पी. सवाणी हार्ट इन्स्टिट्यूट के आरएमओ डॉ. विशाल इटालिया ने डोनेट लाईफ संस्था के प्रमुख निलेश मांडलेवाला का संपर्क किया था। निलेश मांडलेवाला ने काशी बेन के परिजनों को अंगदान के महत्त्व के बारे में समझाया था। जिसके बाद परिजनों की सहमती मिलने पर उनकी किडनी, लीवर और चक्षुओं का दान किया गया। काशीबेन की दान की गई किडनी अहमदाबाद निवासी विशोक सिंह सेंगर (45 वर्ष) तथा लीवर सुरत निवासी रूपलबेन धवलभाई शेख (44 वर्ष) में ट्रान्सप्लान्ट किया गया। जबकि दो चक्षुओं का दान लोकदृष्टि चक्षु में किया गया।

# राजपूत समाज की ब्रेनडेड काशीबेन वल्लभभाई लक्कड के अंगों का दान



सूरत। काशीबेन को रात पैन सुबह 4 बजे चक्कर आया और उन्हें होने से पीपी सवाणी हार्ट इन्स्टीट्यूट में सुबह 5 बजे डॉ. नीतिन भिमाणी की उपचार के अंतर्गत उन्हें भर्ती किया गया। जहां दिमाग का एमआरआई करवाने से दिमाग में खून का जमाव हो जाने का पता चला। उन्हें ब्रेन डेड घोषित किया गया। डोनेट लाइफ के प्रमुख निलेश मांडलेवाला का संपर्क किया गया। उन्होंने परिजनों को अंगदान का महत्व समझाया। किडनी व लीवर का दान स्वीकार की गयी। उनकी दो नेत्रों का दान लोकदृष्टि चक्षु बैंक ने स्वीकार किया। दान में पायी गयी किडनी ओढव, अहमदाबाद निवासी विशोक सिंह सेंगर उ. 45 में ट्रान्सप्लान्ट किया गया। लीवर सूरत निवासी रुपलबेन धवलभाई शेठ उ. 44 में ट्रान्सप्लान्ट किया गया।

# રાજપૂત સમાજના મહીલાના અંગદાનથી ચાર જીવનમાં ઉજાસ

(પ્રતિનિધિદ્વારા)

સુરત, બુધવાર



વરાછામાં વિશાલ નગર સોસાયટીમાં રહેતા કાશીબેન વલ્લભભાઇલક્કડ(ઉ.૫૭વર્ષ)ને પીપીસવાણી હાર્ટ ઇન્સ્ટીટયુટમાં બ્રેનડેડ જાહેર કરાતા તેમના પરિવારે તેમનુ અંગદાનનો નિર્ણય લીધો હતો. ડોનેટલાઇફને દાનમાં મળેલી કીડની અમદાવાદના ઓઢવનાં વિશોકસિંહ સેંગરમાં અને લીવર સુરતનાં રુપલબેન ધવલભાઇ શેઠમાં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી હતી. બે ચક્ષુઓનુ દાન લોકદ્રષ્ટિ ચક્ષુબેંકે સ્વીકાર્યુ હતું. મૂળ ભાવનગર જીલ્લાના રાણપરડા ગામના વતની રાજપૂત સમાજના સેવાભાવી કાર્યથી અન્ય સમાજને પણ ચોક્કસ પ્રેરણા મળશે.

# બ્રેઈનડેડ મહિલાના અંગદાન થકી બે વ્યક્તિને નવું જીવન, બે વ્યક્તિને નવી દ્રષ્ટિ મળી

## રાજપૂત સમાજના લક્કડ પરિવારે માનવતા મહેકાવી : ડોનેટ લાઈફના પ્રમુખ નીલેશ માંડલેવાલાની મહેનતનું સુંદર પરિણામ

સુરત તા. ૮

મૂળ [illegible] રાજપૂત સમાજના લક્કડ પરિવારે બ્રેનડેડ મહિલાના અંગદાન દ્વારા બે વ્યક્તિને નવું જીવન અને બે વ્યક્તિને નવી દ્રષ્ટિ આપી માનવતા મહેકાવી છે.

[illegible]



[illegible]

# બ્રેઈન ડેડ મહિલાનાં અંગોનું દાન કરીને ૨ વ્યકિતઓને નવજીવન અપાયું

## ૫૭ વર્ષના કાશીબેન લક્કડે જતાં જતાં બે વ્યક્તિને જિંદગી બક્ષી

સુરત, ગુરુવાર: મૂળ ભાવનગરના પાલિતાણાના રાણપરડા ગામના વતની અને હાલ વરાછાના વિશાલ નગર ખાતે રહેતા રાજપૂત સમાજના લક્કડ પરિવારના ૫૭ વર્ષીય કાશીબેન વલ્લભભાઈ લક્કડને ગત તા. ૩ જૂને [illegible] પી.પી.સવાણી હાર્ટ ઇન્સ્ટિટ્યૂટમાં દાખલ કરાયા હતા. જ્યાં મગજની નસોમાં લોહીનો ગઠ્ઠો જામી ગયો હોવાનું નિદાન થયા બાદ બ્રેઇનડેડ જાહેર કરાયા હતા. તેમના પરીવારજનોએ ડોનેટ લાઈફ મારફતે તેમનાં કિડની, લિવર અને ચક્ષુઓનું દાન કરીને બે વ્યક્તિઓને નવજીવન આપ્યું હતું.

બ્રેઇનડેડ જાહેર થયેલા કાશીબેનનાં પરિવારના સભ્યોએ જણાવ્યું કે 'અમારું સ્વજન બ્રેનડેડ થઈ ચૂક્યું છે અને તેઓનું શરીર બળીને રાખ થઈ જાય તેના કરતા તેઓના અંગોનું દાન કરીને ઓર્ગન ફેઈલ્યોર થયું હોય તેવા દર્દીઓને નવજીવન મળતું હોય તો અંગદાન માટે આપ આગળ વધો.' પરિવારજનો તરફથી અંગદાનની સંમતિ મળતા નીલેશ માંડલેવાલાએ અમદાવાદની ઇન્સ્ટિ. ઓફ કિડનીના ડૉ. વિકાસ પટેલ અને તેમની ટીમે આવી બે કિડની અને લીવરનું દાન સ્વીકાર્યું. જ્યારે બે ચક્ષુઓનું દાન લોકદ્રષ્ટિ ચક્ષુ બેંકના ડૉ. પ્રફુલ શીરોયાએ સ્વીકાર્યું. દાનમાં મેળવવામાં આવેલી કિડની ઓઢવ, અમદાવાદના રહેવાસી વિક્રમસિંહ સેંગર ઉ.વ.૩૫ માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી છે.જ્યારે લીવર સુરતના રહેવાસી રૂપલબેન ધનજીભાઈ શેઠ ઉ.વ.૪૪ માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું છે.

## વરાછાના લક્કડ પરિવારના વૃદ્ધાના કિડની અને લિવરના અંગદાનથી બેને જીવનદાન મળ્યું



### વિશાલ સોસાયટીના કાશીબેનનું લીવર સુરતના રુપલ શેઠ અને કીડની અમદાવાદના વિકોશસિંહ સેંગરને ટ્રાન્સપ્લાન્ટ કરાયું

## રાજપૂત સમાજની બ્રેઈનડેડ મહિલાના અંગદાનથી ચાર લોકોને મળ્યું નવજીવન

સુરતઃ વરાછા વિસ્તારના રાજપૂત સમાજના બ્રેઈનડેડ મહિલાની કિડની, લિવર અને ચક્ષુદાનથી ચાર જણાને નવજીવન મળ્યું હતું. બ્રેઈનડેડ મહિલાનાં અંગોનું દાન કરી પરિવારે સમાજને ઉત્તમ દાખલો આપ્યો છે. વરાછા, હીરાબાગ પાસે આવેલી વિશાલ સોસાયટી-૨માં રહેતા કાશીબેન વલ્લભભાઈ લક્કડ (ઉં.વ. ૫૭)ને ગત તા. ૩૦મીએ ઘરમાં ચક્કર આવ્યા બાદ ઊલટી થવા લાગી હતી. ત્યારબાદ તેમને સ્થાનિક વિસ્તારની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. તબીબી તપાસ દરમિયાન તેમના મગજમાં લોહીનો ગઠ્ઠો જામી ગયો હોવાનું નિદાન થયું હતું. દરમિયાન ગત તા. ૪થીએ તેમને તબીબોએ બ્રેઈનડેડ જાહેર કર્યા હતા. જેની જાણ ડોનેટ લાઈફના સભ્યોને કરાતા પ્રમુખ નિલેશ માંડલેવાલાએ કાશીબેનના પરિવારને સમજાવતા તેઓ તેમના અંગોનું દાન કરવા રાજી થયા હતા. દાનમાં મળેલી કિડની અમદાવાદના વિકોશસિંહ સેંગર (ઉં.વ. ૩૫) અને લિવર સુરતના રૂપલબેન શેઠ (ઉં.વ. ૪૪)ને ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી હતી. જ્યારે બંને ચક્ષુ લોકદ્રષ્ટિ ચક્ષુ બેંકના ડૉ. પ્રફુલ શિરોયાએ સ્વીકાર્યાં હતા.

# ચક્ષુઓનું દાન કરી બે વ્યક્તિઓને નવું જીવન અને બે વ્યક્તિઓને નવી દ્રષ્ટિ આપી

૨૦૧૬ના રોજ મળસ્કે ૪:૦૦ કલાકે કાશીબેનને ચક્કર આવ્યા બાદ વોમીટીંગ થતાં, પી.પી.સવાણી હાર્ટ ઇન્સ્ટીટ્યુટમાં સવારે ૫:૦૦કલાકે ડૉ. નિતીન ભીમાણીની સારવાર હેઠળ તેઓને દાખલ કરવામાં આવ્યા. ત્યાં મગજનો ??? એન્જ્યો કરાવતા, મગજમાં લોહીનો ગઠ્ઠો જામી ગયેલોહોવાનું નિદાન થયું હતુ.સોમવાર તા. ૬ જુન, ૨૦૧૬ના રોજ ન્યુરોફીઝીશ્યન ડૉ. ભદ્રેશ માંગુકીયા અને ડૉ. પરેશ ઝાંઝમેરાએ કાશીબેનને બ્રેનડેડ જાહેર કર્યા.પી.પી.સવાણી હાર્ટ ઇન્સ્ટીટ્યુટના ડૉ. વિશાલ ઇંટાલીયાએ ડોનેટ લાઇફના પ્રમુખ નીલેશ માંડલેવાલાનો ટેલીફોનીક સંપર્ક કરી કાશીબેન ના બ્રેનડેડઅંગેની જાણકારી આપી.ડોનેટ લાઇફની ટીમે હોસ્પિટલ પહોંચી કાશીબેનના પુત્રો મહેશ અને પ્રકાશ, ભાઇ રામજીભાઇ ગોહિલ, વેવાઇ ઇશ્વરભાઇ રાઠોડ અને પરિવારના અન્યસભ્યોને અંગદાનની પ્રવૃત્તિની જાણકારી આપી અંગદાનનું મહત્વ સમજાવ્યું.પરિવારના સભ્યોએ જણાવ્યું કે ?અમારું સ્વજન બ્રેનડેડ થઇ ચુક્યું છે અને તેઓનું શરીર બળીને રાખ થઇ જાય તેના કરતા તેઓના



અંગોનું દાન કરીને ઓર્ગનનિષ્ફળતાના દર્દીઓને નવજીવન મળતું હોય તો અંગદાન માટે આપ આગળ વધો.?પરિવારજનો તરફથી અંગદાનની સંમતિ મળતા નીલેશ માંડલેવાલાએ અમદાવાદનીના ટ્રાન્સપ્લાન્ટ કો.ઓર્ડીનેટર પ્રિયાબેન શાહ અને ડૉ. પ્રાંજલ મોદીનો સંપર્ક કરી કીડની અને લીવરનું દાન લેવા આવવા માટે જણાવ્યું.અમદાવાદની ના ડૉ. વિકાસ પટેલ અને તેમની ટીમે આવી બે કિડની અનેલીવરનું દાન સ્વીકાર્યું. જ્યારે બે ચક્ષુઓનું દાન લોકદ્રષ્ટિ ચક્ષુ બેન્કના ડૉ. પ્રફુલ શીરોયાએ સ્વીકાર્યું.દાનમાં મેળવવામાં આવેલી કિડની [illegible] અમદાવાદના રહેવાસી વિશ્વોકસિંહ સેંગર ઉ.વ. ૪૫માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી છે. જ્યારે લીવર સુરતનારહેવાસી રૂપલબેન ધવલભાઇ શેઠ ઉ. વ. ૪૪માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું છે.આ કિડની અને લીવરનું ટ્રાન્સપ્લાન્ટ અમદાવાદની ખાતે ડૉ.જમાલરીઝવી,ડૉ. પ્રાંજલ મોદી અને તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું છે.અંગદાન મેળવવાની આ સમગ્ર પ્રક્રિયામાં કાશીબેનના પુત્રો મહેશ અને પ્રકાશ, ભાઇ રામજીભાઇ ગોહિલ, વેવાઇ ઇશ્વરભાઇ રાઠોડ અને લકકડ પરિવારનાઅન્ય સભ્યો, ન્યુરોફીઝીશ્યન ડૉ. ભદ્રેશ માંગુકીયા અને ડૉ. પરેશ ઝાંઝમેરા, પી.પી.સવાણી હાર્ટ ઇન્સ્ટીટ્યુટના ડૉ. વિશાલ ઇંટાલીયા, ડૉ. મિલનમકવાણા, પી.પી.સવાણી હાર્ટ ઇન્સ્ટીટ્યુટના સંચાલકો અને સ્ટાફ, ડોનેટ લાઇફના પ્રમુખશ્રી નીલેશ માંડલેવાલા, મંત્રીશ્રી રાકેશ જૈન અને સુભાષ જોધાણીનોસહકાર સાંપડ્યો હતો.

રાજપૂત સમાજના બ્રેનડેડ કશીબેન વલ્લભભાઈ લક્કડના પરિવારે

# કિડની, લીવર અને ચક્ષુઓનું દાન કરી બે વ્યકિતઓને નવું જીવન અને બે વ્યકિતઓને નવી દ્રષ્ટિ આપી.

■ સુરત, તા. ૦૮



શુક્રવાર તા. ૩ જુન, ૨૦૧૬ના રોજ બપોરે ૪:૦૦ વાગે કશીબેનને ચક્કર આવ્યા બાદ વોમીટીંગ થતાં, પી.પી.સવાણી હાર્ટ ઈન્સ્ટીટ્યુટમાં સવારે ૫:૦૦ વાગે ડૉ. નિતીન બીમાણીની સારવાર હેઠળ તેઓને દાખલ કરવામાં આવ્યા. ત્યાં મગજનો સીટી એક્સ-રે કરાવતા, મગજમાં લોહીનો ગઠ્ઠો જામી ગયો હોવાનું નિદાન થયું હતું.

સોમવાર તા. ૬ જુન, ૨૦૧૬ના રોજ ન્યુરોફીઝીશ્યન ડૉ. ભદ્રેશ માંગુકીયા અને ડૉ. પરેશ અજમેરાએ કશીબેનને બ્રેનડેડ જાહેર કર્યા.

પી.પી.સવાણી હાર્ટ ઈન્સ્ટીટ્યુટના સી.ઈ.ઓ ડૉ. વિશાલ ઉંદાણીયાએ ડોનેટ લાઈફના પ્રમુખ નીલેશ માંડલેવાલાનો ટેલીફોનીક સંપર્ક કરી કશીબેન ના બ્રેનડેડ અંગેની જાણકારી આપી. ડોનેટ લાઈફની ટીમે હોસ્પિટલ પહોંચી કાશીબેનના પુત્રો મહેશ અને પ્રકાશ, ભાઈ રામજીભાઈ ગોહિલ, વેવાઈ ઈશ્વરભાઈ રાઠોડ અને પરિવારના અન્ય સભ્યોને અંગદાનની પ્રવૃત્તિની જાણકારી આપી અંગદાનનું મહત્વ સમજાવ્યું.

પરિવારના સભ્યોએ જણાવ્યું કે 'અમારું સ્વજન બ્રેનડેડ થઈ ચુક્યું છે અને તેઓનું શરીર બાળીને રાખ થઈ જાય તેના કરતા તેઓના અંગોનું દાન કરીને ઓર્ગન નિષ્ફળતાના દર્દીઓને નવજીવન મળતું હોય તો અંગદાન માટે આપ આગળ વધો.'

પરિવારજનો તરફથી અંગદાનની સંમતિ મળતા નીલેશ માંડલેવાલાએ અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ટ્રાન્સપ્લાન્ટ કો.ઓર્ડીનેટર પ્રિયાબેન શાહ અને ડૉ. પ્રાંજલ મોદીનો સંપર્ક કરી કીડની અને લીવરનું દાન લેવા આવવા માટે જણાવ્યું.